Bustan-e-Zehra Association
786-92-110

બાળકો અને
નવયુવાનો માટે

# હાદી
માસિક

રબીઉસ્સાની, હીજરી સન ૧૪૩૧,
માર્ચ - ૨૦૧૦



રૂા.
30/-

# અલ્લાહના નેક નામો

# 'અલ વહ્હાબો'

આ વિશેષણ પણ અલ્લાહનું પ્રખ્યાત વિશેષણ છે અને કુરઆન અને માઅસૂમીન અ.સ.ની રિવાયતોમાં આનું ઘણું વર્ણન જોવા મળે છે.

**તેના મહત્વના અર્થ :**

**(૧) કોઈપણ પ્રકારના બદલા વગર ઘણું જ આપનાર**

**(૨) ઘણું વધારે બખ્શનાર**

**(૩) ખુબ જ વધારે અતા કરવાવાળો**

## કુરઆનમાં તેનું દ્રષ્ટાંત :

કુરઆને મજીદમાં આ નામ– વિશેષણનો ઘણી આયતોમાં પ્રયોગ થએલો છે. એક દાખલો જોઈએ.

**રબ્બના-લાતુઝિગ-કુલૂબોના-બઅદા ઈઝ હદય્તના-વ-હબલના-મિલ લ દુન્નકા રહમતા - ઈન્નકા અન્તલ વહ્હાબ.**

હે પાલનહાર ! અમારા દિલોને સીધા રહેવાની હિદાયત (આપ્યા) પછી તેનાથી ફેરવી નાંખતો નહીં અને પોતાની તરફથી અમારા ઉપર દયા–કૃપા (રહેમત) વરસાવજે – કેમકે બખ્શવાળો તો તું જ છે.

માઅસૂમીન અ.સ.ની વાણીમાં પણ આ વિશેષણનો સવિશેષ પ્રયોગ થયો છે. દા.ત. એક દુઆમાં છે કે: 'ખુદાવન્દા ! જ્યાં સુધી તું મને જીવિત રાખે ત્યાં સુધી તું મને તારા દીન ઉપર કાયમ રાખજે – અને સીધો માર્ગ ચીંધ્યા પછી (હિદાયત આપ્યા પછી) મારા દિલને વાંકું કરી દઈશ નહીં. (તારા ચીંધેલા માર્ગ ઉપરથી મને વિચલીત કરી દઈશ નહીં.) મને તારા તરફથી દયા–કૃપા અતા ફરમાવ – ઈન્નકા–અન્તલ–વહ્હાબ– નિ:શંકપણે તું સૌથી મોટો અતા કરવાવાળો છે.'

## આ નામના રટણની ખાસિયતો અને તેના ફાયદાઓ :

**આ નામના ઘણાં લાભ-ફાયદા બયાન કરવામાં આવ્યાં છે, તે પૈકીના કેટલાંક નીચે મુજબ છે.**

(૧) કરજની અદાયગી અને રોજીની વિશાળતા માટે 'યા વહ્હાબો' ના વિર્દનો અમલ ઘણો જ અસરકારક છે.

(૨) દરેક નમાઝ પછી સજદામાં જઈને એકી શ્વાસે ૧૪ વખત 'યા વહ્હાબો' નો વિર્દ કરવાથી તે વ્યક્તિ સારો કારી (કુરઆનને ખાસ રીતે પઢનાર) બની જશે અને 'આમિલે મુસ્તગની' થઈ જશે. (એટલે કે તે અલ્લાહ સિવાય બીજા કોઈનો મોહતાજ રહેશે નહીં.)

(૩) જો કોઈ વ્યક્તિ નમાઝ પછી પોતાના હાથ ઊંચા કરી સાત વખત 'યા વહ્હાબો' નો વિર્દ કરશે તેની દુઆ બારગાહે ખુદાવન્દીમાં કબૂલ થશે અને તેની મુરાદો બર આવશે.

(૪) જે વ્યક્તિ 'યા વહ્હાબો' નો ખુબ જ મોટા પ્રમાણમાં વિર્દ કરશે, ખુદાવન્દે આલમ તેને તે જે માંગશે તે આપશે.

(૫) જો કોઈ વ્યક્તિ રાત્રીના પાછલા પહોરમાં (આખરે શબ) ઉઘાડે માથે હાથ ઉંચા કરીને સો વખત આ ઈસમનો વિર્દ કરશે તો ખુદાવન્દે આલમ તેની દરિદ્રતાને દૂર કરશે અને તેની હાજતો પૂરી કરશે.

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

રબીઉસ્સાનીનો માસ પોતાના ખોળામાં આપણાં માટે એક ખુશાલીનો પ્રસંગ લઈને આવે છે. આ માસમાં ઈમામત અને વિલાદતના સિલસિલાની અગ્યારમી કડીએ આ જગતમાં આવીને સમગ્ર જગતને પોતાના દિવ્ય પ્રકાશથી પ્રકાશિત કરી દીધો છે. ઈમામતના આકાશના આ અગ્યારમાં ચંદ્રમાની વિલાદતે – બા-સઆદતના પ્રસંગે અમે આપણાં ઈમામે ઝમાના અજ.ની સેવામાં મુબારકબાદી પેશ કરીએ છીએ અને તમારા સૌની સેવામાં પણ આ મુબારકબાદી પાઠવવાનો શરફ હાસલ કરી રહ્યાં છીએ. વહાલા બાળકો ! ઈમામ અ.સ.એ આપણને પોતાનું જીવન કેવી રીતે વિતાવવું જોઈએ તેનો બોધ પોતાના એ કર્મ વડે આપ્યો છે કે એક દિવસ બધાં બાળકો રમત ગમતમાં પરોવાએલા હતાં અને આપ ત્યાં એક બાજુએ ઊભા રહીને વિચારમગ્ન હતાં. જનાબ બહલૂલ ત્યાંથી પસાર થયાં તો આ જોઈને પુછ્યું: આ બધાં રમતગમતમાં મશગૂલ છે અને આપ ત્યાં એકલા ઉભા છો ? આપે ફરમાવ્યું: અમારા સર્જનનું કારણ રમત ગમત નથી પરંતુ જ્ઞાન અને વિદ્યાની પ્રાપ્તિ જ આપણાં જીવનનું મુખ્ય લક્ષ્ય છે.

બાળકો ! તેથી આપણે પણ પોતાના ઈમામના પગલે ચાલીને તેમના કાર્યોનું અનુકરણ – અનુસરણ કરીને પોતાને આપના સાચા મિત્રો – અનુયાયીઓ હોવાની સાબિતી આપવી જોઈએ.

વાર્ષિક પરીક્ષાઓ તદ્દન માથે આવી ગઈ છે. આપણે પોતાની એક વરસની મહેનતને બધાંની સામે – ખાસ કરીને પોતાના વડીલો સમક્ષ રજુ કરવાની આ તક જતી કરવી જોઈએ નહીં અને માટે ઘણી જ સખ્ત મહેનત કરવી જોઈએ જેથી કરીને આપણાં વડીલો કે જેઓ આપણાં ભવિષ્યની ચિંતામાં હંમેશા ચિંતિત રહે છે તેઓને ગર્વથી પોતાના માથા ઉંચકીને ચાલવાની તક મળે અને તેમના હૃદયમાં જે આશાઓ અને આકાંક્ષાઓ છે તે પૂર્ણ થાય. એ તો સ્પષ્ટ છે કે દરેકને પોતાની મહેનતનું ફળ તો મળે જ છે.

અલ્લાહનું હૃદયપૂર્વક ધ્યાન ધરીને મહેનત કરશો તો ઈન્શાઅલ્લાહ સફળતા તમારા કદમોમાં હશે.

અમે દુઆ ગુજારીએ છીએ કે તમે સફળતા પ્રાપ્ત કરો...

વસ્સલામ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :
એ.પી. ગ્રાફીક્સ

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Bustan -E- Zehra Association
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com



# કુરઆનનાં સૂરાઓનો પરિચય

## સૂરએ આલે ઈમરાન

કુરઆનની અત્યારની ગોઠવણી પ્રમાણે આ કુરઆનનો ત્રીજો સૂરો છે. આમાં ૨૦૦ આયતો છે. આ સૂરો મદની (મદીના શહેરમાં નાઝિલ થએલો) છે. આ સૂરાની ૩૨મી આયતના રેફરન્સમાં આ સૂરાને 'સૂરએ આલે ઈમરાન' કહેવામાં આવે છે. ખુદાએ આ સૂરામાં પણ માનવજીવનના અનેક પાસાઓનું વર્ણન કર્યું છે. ખુદા એક અને એકમાત્ર છે. બીજો કોઈ માઅબૂદ (ઈબાદતને લાયક) નથી અને કોઈ પોતાના ખુદા હોવાનો દાવો કરે તો તે જુઠો છે. આસમાની કિતાબોની સત્યતાનું વર્ણન આ સૂરામાં છે. આખાયે જગતની દરેક વિદ્યામાં - ખાસ કરીને કુરઆનની વિદ્યાઓમાં અઈમ્મા અ.સ.નું જ્ઞાન સર્વશ્રેષ્ઠ - અન્યો કરતાં ખુબ જ વધારે હોવાનું વર્ણન આ સૂરામાં છે.

આ સૂરામાં જ 'જંગે બદ્ર' - (બદરની લડાઈ) ના પ્રસંગનું પણ સવિસ્તાર વર્ણન છે. ઈસ્લામની હકીકત - અન્ય ધર્મો ખોટા છે. તે - અંબિયા અ.સ.ની કત્લ અને તેની સજા - તકીય્યાની આજ્ઞા - રસૂલ સ.અ.વ.ની આજ્ઞાઓનું પાલન કરવું તે ફરજિયાત હોવા વિશે - હઝરત મરયમ સલા., હઝરત ઈસા અ.સ. અને હઝરત યાહ્યા અ.સ.ના જીવન પ્રસંગો - અંબિયા અ.સ.ની નબૂવતનું વર્ણન - મુબાહિલાના પ્રસંગનો ઉલ્લેખ - વિગેરેના વર્ણનો, જગ્યા આ સૂરામાં આવરી લેવાયા છે.

તદઉપરાંત યહૂદીઓ અને ઈસાઈઓના નૈતિક અધઃપતનની સ્થિતિ - દાન કરવાની બાબતને પ્રોત્સાહન - ખાનએ કાઅબાની ફઝીલત - રસૂલ સ.અ.વ.ની ઉમ્મત (અનુયાયીઓ)ની (અન્ય ઉમ્મતો ઉપરની) શ્રેષ્ઠતા - કાફરો સાથે કેવો વ્યવહાર રાખવો જોઈએ તે અંગેની શીખ - વિગેરે જેવા અનેક અમલ સાથે સંકળાએલ અહકામ (ધાર્મિક આજ્ઞાઓ)નું પણ વર્ણન આ સૂરામાં છે.

આ સૂરાને પઢવાનો ઘણો સવાબ છે. નબી સ.અ.વ.એ ઈર્શાદ ફરમાવ્યું છે કે 'જે વ્યક્તિ રાત્રે આ સૂરાને પઢશે (તેનો તેને આટલો સવાબ મળશે કે જાણે) તેણે આખી રાત નમાઝ અને ઈબાદતમાં વિતાવી હોય. તેવી જ રીતે ઈમામ સાદિક અ.સ.થી રિવાયત છે કે 'જે વ્યક્તિ સતત સૂરએ આલે ઈમરાનની તિલાવત કરતો રહેશે, તેના અને અલ્લાહ વચ્ચેના તમામ પડદાઓ હટાવી લેવામાં આવશે અને તે ખુદા પાસે જે યાચના કરશે (જે કાંઈપણ માંગશે) ખુદાવન્દે આલમ તેને તે અવશ્ય આપશે જ.''

# હદીસનો ગુલદસ્તો

## કરઝુ-લ-હસના

★ જો કોઈ વ્યક્તિ કોઈ મોમિનને તેના ઉધાર પરત ચુકવવાની સધ્ધરતા અને શક્તિના સમય સુધી કરજ આપે તો તેનો તે માલ (કરજ આપેલ રકમ) ઝકાતનો દરજ્જો રાખે છે. (એટલે કે તેમાં ઝકાત જેટલો સવાબ છે.) અને કરજ આપનાર વ્યક્તિ ઉપર તેને તે કરજ પરત ન મળે ત્યાં સુધી ફરિશ્તાઓ સલવાત મોકલતાં રહે છે.

નબીયે અકરમ સ.અ.વ. (સવાબુલ આઅમાલ-પા.૩૦૮)

★ જન્નતના બારણે લખેલું છે કે સદકાનો સવાબ દસ ગણો છે. જ્યારે કરજ આપવાનો સવાબ અઢાર ગણો છે. કારણ કે કરજ લેવાવાળો તો પોતાની જરૂરિયાત જેટલું જ કરજ લે છે. પરંતુ સદકો તો જરૂરીયાત વગર પણ લેવામાં આવે છે.

ઈમામ સાદિક અ.સ. (બિહારૂલ અનવાર-ભા.૧૦૩ પા.૧૩૯)

★ જો કોઈ વ્યક્તિ પોતાની જરૂરિયાતને કારણે પોતાના મોમિન ભાઈને ફરિયાદ કરે અને કરજ માંગે પરંતુ તેને તે (સધ્ધર) મોમિનભાઈ કરજ ન આપે તો ખુદાવન્દે આલમ તેના ઉપર જન્નત હરામ કરી દેશે.

નબીયે અકરમ સ.અ.વ. (વસાએલુશ્શીઆ-ભા.૧૩.પા.૮૮)

★ કરજ લેવાથી દૂર રહો કેમ કે તે દીનના અપમાનનું કારણ બને છે.

નબીયે અકરમ સ.અ.વ. (વસાએલુશ્શીઆ-ભા.૧૩ પાન.૭૭)

★ કરજ લેવાથી દૂર રહો કેમ કે તે રાતોના દુઃખો અને દિવસો દરમ્યાન અપમાનનું કારણ બને છે.

ઈમામ અલી અ.સ. (વસાએલુશ્શીઆ-ભા.૧૩ પાન.૮૮)

★ કોઈ પીડા આંખોની પીડાથી વધારે સખત નથી અને કોઈ દુઃખ કરજદારીનાં દુઃખથી વધુ પીડાદાયક નથી.

ઈમામ સાદિક અ.સ. (બિહારૂલ અનવાર-ભા.૧૦૩-પાન.૧૪૨)

★ લોહીનું સૌ પ્રથમ જે ટીપું શહીદના શરીરમાંથી પડે છે તે તેના તમામ ગુનાહોનો કફ્ફારો (ગુનાહોનું માફ થઈ જવું તે )છે સિવાય કે કરજ. કેમકે કરજનો કફ્ફારો તેને અદા કરવો જ પડશે.

ઈમામ બાકિર અ.સ. (વસાએલુશ્શીઆ-૧૩/૮૫)



# શયતાન માઅસૂમીન અ.સ.ની રિવાયતોમાં

શયતાનનો વાર ઘણો સખ્ત હોય છે. તે કોઈને મુક્તો નથી. ચાહે તે બાળક હોય કે વયસ્ક વ્યક્તિ - મુસલમાન હોય કે કાફર - પુરૂષ હોય કે સ્ત્રી - મોમિન હોય કે મુનાફિક. તે દરેકની પાસે પોતાના કાર્યો કરાવે છે. લડાઈ ઝઘડા કરાવે છે. અને સમાજના તાણાં વાણાંને વેરવિખેર કરી દેવાની પેરવીમાં જ રહે છે. મનુષ્યના અસ્તિત્વના બગીચાને આગ લગાડવાની ચિંતા તેને સૌથી વધારે રહે છે. બધાં મનુષ્યોના પિતામહ બાબા આદમ સાથે તેની ટક્કરનો બદલો લેવો તેજ તેનો ધ્યેય છે. ઘણાં નબી અ.સ. પાસે પણ તે સત્યના માર્ગેથી તેમને પદભ્રષ્ટ કરવા પહોંચી ગયો હતો. પરંતુ તેઓ ખુદાની તૌફીક અને પોતાની પ્રાર્થનાના બળથી તેની (શયતાનના) જાળમાં ફસાયા નહીં. આપણાં જેવા સામાન્ય મનુષ્યોને સત્ય માર્ગેથી પદભ્રષ્ટ કરવાનો તો તેનો દરરોજનો કાર્યક્રમ હોય છે. અને તેમાં તેને સફળતા પણ મળે છે. પરંતુ મારા અઝીઝ મિત્રો ! એટલું યાદ રાખજો કે જો આપણે તેની જાળમાં અને તેના બહાનાઓમાં ફસાઈ જઈશું તો દુન્યા અને આખેરત બંનેમાં આપણા માટે તેનું પરિણામ ખરાબ જ આવવાનું છે.

આવો ! આજે આપણે ફરી માઅસૂમીન અ.સ.ની કેટલીક રિવાયતો વિશે જાણકારી મેળવીને આ ઈબ્લીસ મલઊન (શયતાન) વિશે કેટલીક વિગતો જાણી લઈએ અને જો કોઈ કારણવશ આપણે કોઈ વખતે શયતાનની જાળમાં ફસાઈ જઈએ તો તેની મદદથી તે જાળમાંથી બહાર આવી શકીએ. તેનાથી રક્ષિત રહીએ અને તેનાથી બચીને રહેવાનો પ્રયાસ કરતાં રહીએ.

★ જેવી રીતે મનુષ્યના શરીરમાં લોહી ભ્રમણ કરે છે તેવી રીતે માનવશરીરમાં અંતરની વાસના પ્રેરિત ઈચ્છાઓ અને પ્રાણીના જેવી કામવાસનાના સ્વરૂપે શયતાન પણ ફરતો રહે છે.

નબીયે અકરમ સ.અ.વ. (શિહાબુલ અખબાર - પા.૩૫૦ - સફીનતુલ બિહાર - ભા.૪-પાન.૪૩૦)

★ જો શયતાનો માનવીના હૃદયને પોતાના ચુંગાલમાં લેતાં ન હોત તો મનુષ્ય આકાશ અને પૃથ્વીના ફરિશ્તાઓના અંતરાત્માને પણ જોઈ શકતો હોત.

નબીયે અકરમ સ.અ.વ. (જા મેઉસ્સઆદાત. ભા.૧-પા.૪૪)

★ દરેક માર્ગે શયતાન બેઠો છે અને મનુષ્યને પોતાના પ્રત્યે આકર્ષે છે.

નબીયે અકરમ સ.અ.વ. (જામે ઉસસઆદાત ભા.૧-પા.૧૮૩)

★ તમારામાંથી દરેકની સાથે એક શયતાન રહે છે.

નબીયે અકરમ સ.અ.વ. (બિહારૂલ અનવાર-ભા.૬૭-પા.૪૦)

★ જે વ્યક્તિ અલ્લાહના દોરડાને મજબૂતાઈથી પકડી લેશે, શયતાન તેનું કાંઈ બગાડી શકતો નથી.

ઈમામ અલી. અ.સ. (રિસાલએ - લુબ્બે - લુબાબ -૭૬)






# મુખ્તારે આલે મુહમ્મદ સ.અ.વ.

ઈમામ હુસૈન અ.સ.ની શહાદત પછી શીઆઓ ઉપર તો જાણે શોકના ડુંગર તુટી પડ્યાં હતાં. દરેક જગ્યાએ અહલેબૈત અ.સ.ની મઝલૂમી ઉપર રૂદન જ – રૂદન હતું. હૃદય શોકાતૂર હતાં. આંખોમાંથી અશ્રુઓ રોકાવાનું નામ નહોતાં લેતાં. અને તેવા વખતે બની ઉમૈયાના અત્યાચારો સામે બંડ પોકારીને કોઈ એવું પુછવાવાળો પણ નહોતો કે 'તમે લોકોએ રસૂલ સ.અ.વ. ના ફરઝન્દને શા માટે શહીદ કરી દીધો ? ખાનદાને રિસાલતના ચંદ્રના ટુકડાઓને કરબલાના નપાણિયા વગડામાં ભુખ્યા અને તરસ્યા રાખીને શા માટે શહીદ કરી દીધાં ? ખાનદાને રિસાલત અને તહારતની પવિત્ર સન્નારીઓને શહાદતે હુસૈન અ.સ. પછી પડદા વગર (મકનાઓ ચાદર વગર) શા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ પ્રદર્શિત કર્યા ?'

જાણે કે અત્યાચારોનું તોફાન આવી ગયું હતું અને દરેક તેની ઝપટમાં આવી ગયા હતાં. ફરઝન્દે રસૂલ સ.અ.વ.ની શહાદત પછી કરબલાના કેદીઓને દર–બ–દર ફેરવવા, હરમે ઈલાહી કાઅબાને વેરાન કરવો અને તેમાં આગ લગાડવી–રસૂલ સ.અ.વ.ના મદીના (શહેર – તેના વાસીઓ) ઉપર અત્યાચારોના પહાડ તોડવા – રસૂલ સ.અ.વ.ના આદરણીય અને ઈઝ્ઝતદાર સાથીઓ (અસહાબ) નો કત્લે આમ કરવો – આ તમામ અત્યાચારો છતાંયે બધાં જ ખામોશ હતા. કોઈનામાં પણ આ અત્યાચારી શાસન સામે બંડ પોકારવાની હિમ્મત નહોતી. કોઈનામાં એટલી વીરતા નહોતી કે આ અત્યાચારી શાસનની આંખોમાં આંખો પરોવીને તેને પડકારે.

યઝીદ પોતાના કૃત્યોની દુન્યવી સજા તો મેળવી જ ચુક્યો હતો. પરંતુ તેના પછીના અત્યાચારી શાસકોએ પણ તેના પગલે જ ચાલીને અહલેબૈત અ.સ.ના ઉપર જુલ્મો અને અત્યાચારોનો દોર ચાલુ રાખ્યો હતો. તેથી ખાનદાને એહલેબૈત અ.સ.માટે



તો શાંત રહેવામાં જ સલામતી હતી અને તેમના માટે સમય પ્રમાણે શાંત રહેવું જ ફરજિયાત થઈ ગયું હતું.

વાતાવરણમાં એક વિચિત્ર સન્નાટો છવાએલો હતો. તેવે વખતે જ અહલેબૈત અ.સ.ના જે તરફદારો એક લાંબા સમયગાળાથી પોતાના મનમાં શોક અને ક્રોધની અગ્નિ ભરીને ઈમામ હુસૈન અ.સ.ના ખૂનનો બદલો લેવાની તક શોધતાં હતાં તેમણે બંડ પોકાર્યો. તેમને 'તવ્વાબીન' કહેવામાં આવ્યાં. પરંતુ અલ્પ સંખ્યા અને પ્રતિકુળ પરિસ્થિતિને કારણે તેમના બદલો લેવાના અવાજને ટુંક સમયમાં જ દાબી દેવામાં આવ્યો.

હવે ફરી પાછો સન્નાટો હતો. પરંતુ આ સન્નાટો કોઈ એવા સરદારને સાદ પાડી રહ્યો હતો જે લાંબા સમયથી કેદખાનાના સળિયા પાછળ બંધક હતો. જેને તેના બાળપણમાં જ આપણાં મૌલા અલી અ.સ.એ આ બદલાના માર્ગે તેને સફળતા મળશે તેવી આગાહી કરી હતી અને પોતાના ખોળામાં બેસાડી પોતાનો માયાળુ હાથ તેના માથે ફેરવ્યો હતો. આ સરદાર પોતાની બદલો લેવાની ચળવળની પૂર્વતૈયારી પોતાના જેલવાસમાં જ કરી ચુક્યો હતો. તેથી તેણે જેલ મુક્ત થતાની સાથે ગુપ્ત રીતે આ બાબતમાં ઈમામ સજ્જાદ અ.સ. પાસે પરવાનગી પણ મેળવી લીધી હતી. અને ૧૪ રબીઉલ અવ્વલ સને ૬૬ હિજરીના દિવસે પોતાનો મજબૂત સાથ આપનારા સાથીઓની મદદથી કૂફા શહેરમાંથી 'યા લે સારાતિલ હુસૈન અ.સ.'નો (ખૂને હુસૈન અ.સ.ના બદલા') નો નારો બુલંદ કર્યો. અને તે પછી તો મક્કમ ઈચ્છાશક્તિ અને દૃઢ મનોબળની આ મજબૂત શીલાઓએ અહલેબૈત અ.સ.ના દુશ્મનોનો



મજબૂતાઈથી મુકાબલો કર્યો. અને ફક્ત ૧૮ માસના ટુંકા ગાળામાં શહીદે કરબલાના કત્લમાં સામેલ થએલ ૧૮ હજાર કરતાં પણ વધારે મલઊનોને આ સરદારની સરદારીમાં જહન્નમમાં મોકલી દેવામાં આવ્યાં. જેમાં મોટા મોટા મલઊનો, એટલે કે કરબલાના યુધ્ધના યઝીદના મોટા મોટા સરદારોને પણ જહન્નમમાં મોકલી દેવામાં આવ્યાં.



માલિક ઉશ્તરના નેક ફરઝન્દ જનાબ ઈબ્રાહીમે પણ આ ભગીરથ કાર્યમાં આ સરદારનો ભરપૂર સાથ આપ્યો. પરંતુ છેવટે તે સરદાર અને તેમના વફાદાર સાથીઓ આ ચળવળમાં શહીદ થઈ ગયાં. પરંતુ એમણે એ કારનામો કરી બતાવ્યો કે આપણાં માઅસૂમીન અ.સ. એ જ્યારે પણ તેમને યાદ કર્યા છે ત્યારે તેમને પોતાની દુઆઓથી જ નવાજ્યાં છે.

દા.ત. ઈમામ સજ્જાદ અ.સ. સમક્ષ તેમના બાબાના કાતિલનું માથું પહોંચ્યું ત્યારે ઈમામ અ.સ.એ તરત જ તેને (આ સરદારને) દુઆ દીધી હતી અને તેના આ કાર્ય માટે પોતાની પ્રસન્નતા પ્રગટ કરી હતી.

એક પ્રસંગે આ સરદારના સુપુત્રની સામે ત્રણ વખત ઈમામ બાકિર અ.સ.એ ફરમાવ્યું હતું કે 'અલ્લાહ તમારા પિતા ઉપર રેહમત વરસાવે કે તેમણે અમારા ઉજ્જડ થઈ ગએલા ઘરોને આબાદ કર્યા અને અમારું જે ખૂન કોઈપણ કારણ વગર વહાવવામાં આવ્યું હતું તેનો બદલો લીધો.

વહાલા મિત્રો ! આવા વાતાવરણમાં જેણે અહલેબૈત અ.સ.ના કુટુંબમાં ખુશાલીનો પ્રસંગ ઉપસ્થિત કરી આપ્યો તે સરદારનું નામ તો તમે જાણતાં જ હશો !

હા. આ તે સરદાર જ હતાં જેમને આપણી ઈમામતના ઈતિહાસમાં 'મુખ્તારે-અહલેબૈત' કહેવામાં આવે છે. જે હિજરી સનની પ્રથમ સદીમાં જનમ્યા હતાં અને નબીયે અકરમ સ.અ.વ. પછી ઈમામતોના આશ્રયમાં અહલેબૈત અ.સ.ના પ્રેમનું રસપાન કરતાં રહ્યાં હતાં. આપના પિતા રસૂલ સ.અ.વ.ના મહાન સહાબી અબૂ ઉબૈદા હતાં. ભાઈઓ હકીમ અને જબીર હતાં. જેઓ ફારસના યુધ્ધ (જંગે ફારસ) માં ઈસ્લામ કાજે શહાદતને વર્યા હતાં.



# મુસા મુબરકાઅ

ઈમામ જવાદ અ.સ.ના સંતાનોમાં એક મહાન વ્યક્તિ પણ હતાં જેમનું નામ **'મુસા મુબરકાઅ'** હતું. આપની કુનિયત (વંશનું નામ) અબૂજાઅફર અને આપના નામ સાથે જેનો પ્રયોગ થાય છે તે 'મુબરકાઅ' આપનો લકબ હતો. 'મુબરકાઅ' શબ્દનો અર્થ 'બુરખાધારી' (બુકાનીધારી) થાય છે. આપના પવિત્ર ચહેરામાંથી એટલો બધો પ્રકાશ પ્રગટ થતો હતો કે આપે હમેશા બુકાની (નકાબ) ધારણ કરીને જ બહાર નીકળવું પડતું હતું. જેને કારણે આપને 'મુબરકાઅ' એટલે કે બુકાનીધારી (નકાબપોશ) કહેવામાં આવતું હતું. આપ સૌ પ્રથમ સાદાતે રઝવી એટલે કે રઝવી સાદાતના પિતામહ હતાં અને રઝવી સાદાતની નસ્લ આપના થકી જ ફેલાએલી છે. આપ સન ૨૫૬ હિજરીમાં કુમ શહેર તશરીફ લાવ્યાં હતાં. પરંતુ અરબ લોકોએ ત્યાં આપને અપમાનિત કર્યા તેથી ત્યાંથી આપ કાશાન શહેર તશરીફ લઈ ગયાં હતાં. કાશાન શહેરમાં આપનું ભવ્ય સ્વાગત થએલ. પરંતુ પાછળથી જ્યારે અબુસ્સુદૈમ–હુસૈન–બિન–અલી–બિનઆદમ અને કુમ શહેરના અન્ય સાધનસંપન્ન લોકોને આપની અસલિયતની ખબર થઈ તો તેઓ કાશાન જઈને ક્ષમાયાચના સાથે આપને કુમ શહેર પાછા લઈ આવ્યાં હતાં અને ત્યાં આપના માટે એક ઘરનો બંદોબસ્ત કરી દીધો હતો. તેમજ કેટલીક વાડીઓ અને બગીચાઓ આપને ખરીદી આપ્યાં હતાં. તે પછી ઈમામ જવાદ અ.સ.ની પુત્રીઓ અને આપની બહેનો ઝયનબ–ઉમ્મે મુહમ્મદ અને મયમૂના પણ ત્યાં (કુમ શહેરમાં) આવી ગયાં હતાં.

કુમ શહેરમાં જ્યારે આપનું અવસાન થયું ત્યારે અમીરે કુમ અબ્બાસ બિન અમરવ ગુન્નવીએ આપની નમાઝે જનાઝા પઢાવી હતી અને કુનૂની નામના સ્થળે આપને દફન કરવામાં આવ્યાં હતાં. શયખકલીની એ કિતાબ કાફીમાં પ્રમાણતિત આધારો સાથે લખ્યું છે કે જનાબ મૂસા મુબરકાઅ ઈમામ અ.સ. તરફથી અવકાફ (વકફ કરવામાં આવેલ મિલ્કતો)ના મુતવ્વલી (વ્યવસ્થાપક) પણ હતાં.





# ઈમામતનું અગ્યારમું પુષ્પ

## નામ અને નસબ (વંશ)

| | |
|---|---|
| પવિત્ર નામ | : **હસન** |
| લકબ | : **અસ્કરી** |
| કુનિયત | : અબૂમુહમ્મદ |
| પિતાનું નામ | : **અલી** |
| માતાનું નામ | : હદીસ-સલીલ. જે ઈબાદત -રિયાઝત - પવિત્રતા અને દાનવીરતા (સખાવત)માં પોતાની જાતિ (સ્ત્રીજાતિ) માટે એક ઉદાહરણીય સ્થાન ધરાવતાં હતાં. |
| વિલાદતની તારીખ | : **૮ રબીયુસ્સાની, હિજરી સન ૨૩૨** |
| જન્મ સ્થળ | : **મદીના મુનવ્વરા** |
| ઈમામતનો સમયગાળો | : **૬ વરસ** |
| ઉંમર | : **૨૮ વરસ** |
| શહાદતની તારીખ | : **૮ રબીઉલ અવ્વલ, સન ૨૬૦ હિજરી** |
| શહાદતનું કારણ | : મોઅતમદ અબ્બાસીએ આપને ઝેર આપીને શહીદ કરી દીધાં હતાં. |
| પવિત્ર રોજો | : **ઈરાક (સામરા)** |
| સંતાનોની સંખ્યા | : એક ફરઝન્દ - હઝરત મહદી અજ્જલલ્લાહો તઆલા - ફરજહુશશરીફ |
| વીંટીના નગીનાનો નક્શ | : 'ઈન્નલ્લાહા શહીદ' |



E-mail : hadimasik@yahoo.com

## ઈમામત :

અગ્યારમા ઈમામ પોતાના વાલિદે બુઝર્ગવારની શહાદત પછી ખુદાના હુકમ અને અગાઉ થઈ ગએલા અઈમ્મ-એ-તાહેરીનની નિયુક્તિથી ઈમામતના મહાન હોદ્દા પર બિરાજમાન થયાં હતાં. પોતાની ઈમામતના છ વરસના સમયગાળા દરમ્યાન ખલીફા તરફથી આપના ઉપર જે સખ્તાઈઓ અને અત્યાચારો કરવામાં આવતાં હતાં તેને કારણે 'તકીય્યા' ની સ્થિતિમાં ખુબ જ સાવચેતીપૂર્વક કાર્ય કરતાં હતાં. આપ આમ લોકોને-એટલે સુધી કે પોતાના શીઆઓ (અનુયાયીઓ) સુધ્ધાને પોતાની પાસે આવવા નહોતા દેતાં. ફક્ત આપને અંગત રીતે ઓળખનાર કેટલાંક અંગત લોકો જ આપની સેવામાં હાજરી આપી શકતાં હતાં. આવી રીતે આપે મોટા ભાગે નજરબંદીની હાલતમાં જ પોતાનું જીવન વિતાવ્યું છે.

આ સઘળી સખ્તાઈઓ અને દબાણનું સૌથી મોટું કારણ તો એ હતું કે તે સમય સુધીમાં શીઆઓનું સંખ્યાબળ અને તેમની શક્તિ અવગણી ન શકાય તેટલી હદે પહોંચી ગઈ હતી. અને શીઆઓ ઈમામતમાં શ્રધ્ધા ધરાવતાં હોવાને કારણે અને શીઆઓના અઈમ્મા અ.સ. (ના નામો પણ) જાણીતા હોવાના કારણે દરેક ખલીફાનો પ્રયત્ન એ જ રહેતો હતો કે પોતાના સમયના ઈમામને વધુમાં વધુ પોતાની નજર સમક્ષ અને પોતાના કંટ્રોલમાં રાખવામાં આવે અને શક્ય એટલી ગુપ્ત રીતે અને પોતાના ગુપ્ત કાવત્રાઓ વડે અઈમ્મા અ.સ.ને ખત્મ કરવાની પેરવીમાં જ રહેતો હતો. બીજુ એ કે ખલીફાને એ વાતની જાણ પણ થઈ ગઈ હતી કે શીઆઓ અગ્યારમા ઈમામ અ.સ.ના પુત્ર પર શ્રધ્ધા રાખે છે. (તેમના આવવાની પ્રતિક્ષા કરે છે.) અને અગ્યારમાં ઈમામ અ.સ. અને અગાઉ થઈ ગએલાં તમામ અઈમ્મા અ.સ.ની હદીસોથી એ વાત જાહેર થઈ ગઈ હતી કે આ અગ્યારમા ઈમામના ફરઝન્દ મહદીયે મવઊદ અજ. હશે. કે જેમના વિશે સળંગ હદીસોમાં દરેક ખાસ અને આમ



વ્યક્તિને એ જાણકારી આપી દેવામાં આવી હતી, આ ઈમામના ફરઝન્દ જ બારમાં અને અંતિમ ઈમામ (અ.સ.) હશે એ કારણે જ અગાઉ થઈ ગએલાં અઈમ્મા (અ.સ.) કરતાં અગ્યારમાં ઈમામ અ.સ.ને ખલીફા દ્વારા વધારે સખ્તાઈપૂર્વક નજરકેદ રાખવામાં આવ્યાં હતાં અને તે સમયના ખલીફાએ પણ દૃઢ નિશ્ચય કરી



લીધો હતો કે કોઈપણ રીતે શીઆ ઈમામતની આ શ્રધ્ધાને જ ખત્મ કરી દેવામાં આવે અને શીઆ ઈમામતના આ દ્વારને સદંતર બંધ કરી દેવામાં આવે તેથી જ્યારે અગ્યારમાં ઈમામ અ.સ.ની બીમારીના સમાચાર ખલીફાએ સાંભળ્યાં ત્યારે તરત જ આપની પાસે વૈદ્યો અને હકીમો મોકલ્યાં, અને સાથે જ પોતાના કેટલાંક ભરોસાપાત્ર વ્યક્તિઓને પણ આપના ઘરે મૂકી દીધાં, જે કાઝી હતાં અને હમેશા આપની સાથે જ રહેતા હતા અને ઘરના અંદરની અને બહારની પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યાં હતાં. ઈમામની શહાદત પછી પણ આપના પવિત્ર ઘરની ઝડતી લેવામાં આવી હતી અને દાઈઓ વડે આપની દાસીઓનું નિરિક્ષણ કરાવવામાં આવ્યું. બે વરસ સુધી ખલીફાના માણસો આપના પુત્રને શોધી કાઢવાનો પ્રયત્ન કરતાં રહ્યાં, એટલે સુધી બિલ્કુલ નિરાશ થઈ ગયાં.

અગ્યારમાં ઈમામ અ.સ.ને આપની શહાદત પછી આપના ઘરની અંદર જ આપના પિતાની બાજુમાં જ સામરા શહેરમાં દફનાવવામાં આવ્યાં હતાં.

આપણે એ જાણી લેવું જોઈએ કે અહલેબૈતના અઈમ્મા (અ.સ.)એ પોતપોતાના જીવનકાળમાં જ વિદ્વાનો-હદીસના વિદ્વાનો અને બુધ્ધીશાળીઓના ઘણાં સમૂહોને જ્ઞાનના આભૂષણો વડે સજાવી દીધાં હતાં કે જેમની સંખ્યા સેંકડો નહીં પરંતુ હજારો સુધી પહોંચી ગઈ હતી. સંક્ષિપ્તમાં રજુઆત કરવાની જરૂર હોવાથી અમે તેમના નામો - તેમના જીવન ચરિત્ર અને પુસ્તકોની યાદી અત્રે આપી શકીએ તેમ નથી.



(ઈર્શાદ - મુફીદ - પાન.૩૧૫ - દલાએલુલ ઈમામત - પા.૨૨૩ - ફુસુલુલ મોહિમ્મા પા. ૨૬૬-૨૭૨ - મનાકિબે - ઈબ્ને - શહર આશૂબ ભા.૪, પા. ૪૨૨ - ઉસૂલે કાફી - ભા. ૧ - પાન. ૫૦૨)

نهج البلاغة

# નહ્જુલ – બલાગાહ

## ડાહપણ ભરી વાતો

# ઉપકાર

★ જો તમે ઈચ્છતાં હોવ કે તમારા ઉપર ઉપકાર કરવામાં આવે તો તમે પણ (બીજાઓ ઉપર) ઉપકાર કરો.

★ ઉપકાર લોકોને ઉપકાર કરનારનો દાસ બનાવી દે છે.

★ બુરી વ્યક્તિની સાથે ભલાઈ (નેકી) કરવી તે સર્વોત્તમ છે. (શક્ય છે કે આ કાર્ય મોટે ભાગે તેના સુધરી જવાનું કારણ બને છે.)

★ જેણે તમારી સાથે ખરાબ વર્તન કર્યું હોય તેની સાથે તમે સારૂ વર્તન કરો અને જેણે તમને સતાવ્યાં હોય તેને માફ કરી દો.

★ ઉપકારનો સૌથી વધારે હકદાર એ વ્યક્તિ છે જેના ઉપર અલ્લાહએ ઉપકાર કર્યો હોય અને પોતાની કુદરતના બંને હાથ જેના માટે પહોળા કરી દીધાં હોય.

★ સર્વશ્રેષ્ઠ બંદો એ છે કે ભલાઈ કરીને ખુશ થાય છે અને જો તેનાથી બુરાઈ થઈ જાય તો તેની અલ્લાહ પાસે ક્ષમાયાચના (ઈસ્તિગફાર) કરે છે.

★ બીજાઓ ઉપર ઉપકાર કરવું તે તમારા માટે જરૂરી છે કેમકે તે સર્વશ્રેષ્ઠ સમૃધ્ધિ છે.

★ જે પોતાના ચાલૂ-(વર્તમાનમાં કરે છે તે) ઉપકાર કરવાનું બંધ કરી દે છે તો અલ્લાહ પણ તેના ઉપર પોતાના ભવિષ્યમાં થનારા ઉપકારોની શક્યતાઓ ખતમ કરી દે છે.

★ ઉપકાર કરવું તે ઈસ્લામની શોભા છે.

★ એક દિવસ ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું કે 'મેં કોઈના ઉપર કોઈ ઉપકાર કર્યો નથી.' લોકોએ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું 'મૌલા ! આ શું ફરમાવ્યું ?' આપે કુરઆનની એ આયત સંભળાવી કે 'જો તમે કોઈના ઉપર ઉપકાર કર્યો તો પોતાના માટે જ કર્યું - અને કોઈની સાથે ભૂંડાશ કરી તો તે પણ પોતાના માટે જ કરી.'






# એક બૅનનો પ્રેમ

આપનું મુબારક નામ ફાતેમા હતું. આપ 'માઅસૂમા'ના લકબથી પ્રખ્યાત હતાં. આપના મહાન પિતા સાતમાં ઈમામ હઝરત મૂસા-બિન-જાઅફર અ.સ. હતાં અને આપના મહાન માતાનું નામ હઝરત નજમા ખાતૂન હતું. આ સન્નારી જ (એટલે કે જનાબ નજમા ખાતૂન) આપણાં આઠમાં ઈમામના પણ માતા હતાં. એટલે કે હઝરત માઅસૂમા સલા. અને ઈમામ રિઝા અ.સ. બંનેના માતા એક જ હતાં. આપની પુણ્યશાળી વિલાદત સને ૧૭૩ હિજરીમાં પહેલી ઝિલકાઅદના દિવસે મદીના મુનવ્વરામાં થઈ હતી. હજી વધારે દિવસો પસાર થયાં નહોતા કે આપ પોતાના મહાન માયાળુ પિતાની છત્રછાયાથી વંચિત થઈ ગયાં. આપના પિતાની શહાદત હારૂનના કેદખાનામાં બગદાદમાં થઈ હતી. પિતાની શહાદત પછી આપ પોતાના પ્રેમાળ ભાઈ હઝરત અલી-બિન-મૂસિયે-રિઝા અ.સ.ની છત્રછાયામાં આવી ગયાં હતાં. સન ૨૦૦ હિજરીમાં મામૂન અબ્બાસીના અતિ આગ્રહ અને ધમકીઓને કારણે ઈમામ અ.સ. સફર કરવા ઉપર મજબૂર થઈ ગયાં. ઈમામ અ.સ.એ ખુરાસાન જવાના પોતાના આ પ્રવાસમાં પોતાના સગાવહાલામાંથી કોઈને પણ પોતાની સાથે લીધાં નહોતાં. ઈમામ અ.સ.ની હિજરતના એક વરસ પછી પોતાના ભાઈના દર્શન માટે વ્યાકુળ થઈ જઈને આપ સલા. એ પણ પોતાના વતનને અલવિદા કહી અને પોતાના કેટલાંક ભાઈઓ અને ભત્રીજાઓ સાથે ખુરાશાન તરફ પ્રયાણ કર્યું. આપ જ્યાં જતા ત્યાં દરેક શહેર અને દરેક મહોલ્લામાં આપનું પ્રેમપૂર્વક સ્વાગત થતું હતું. આ એજ સમયગાળો હતો જ્યારે આપ પોતાની ફોઈ હઝરત ઝયનબ (સલા.)ના પગલે ચાલીને ઈમામ અ.સ.ના મઝલૂમ હોવાનો અને પોતાના ભાઈની ગુરબતનો સંદેશો મોઅમેનીન અને મુસલમાનોને પહોંચાડતાં રહ્યાં હતાં અને બની અબ્બાસના ફરેબી શાસન પ્રત્યે પોતાના તથા અહલેબૈત અ.સ.ના વિરોધને પ્રદર્શિત કરતાં હતાં. એ કારણે જ જ્યારે આપનો કાફલો 'સાવા' શહેર નજીક પહોંચ્યો તો જેમના માથે બની અબ્બાસના શાસનની છત્રછાયા હતી તેવા અહલેબૈતના કેટલાંક દુશ્મનોએ આપનો માર્ગ





E-mail : hadimasik@yahoo.com



અવરોધી દીધો અને હઝરત માઅસૂમા સલા.ના કાફલા સાથે યુધ્ધ આદર્યું. આ કાફલો તો કોઈ સૈનિકોનો કાફલો નહોતો. પરિણામે આ કાફલાના તમામ પુરૂષો આ યુધ્ધમાં શહીદ થઈ ગયાં. એક રિવાયત એવી પણ છે કે હઝરત માઅસૂમા સલા.ને પણ ઝેર આપવામાં આવ્યું. અંતે હઝરત માઅસૂમા સલા. આ પહાડ જેવા મોટા શોકને કારણે અને અત્યાચારીઓના ઝેરને કારણે બીમાર પડી ગયાં તેને કારણે ખુરાશાન શહેર તરફનો પ્રવાસ અશક્ય થઈ ગયો તેથી છેવટે સાવા શહેરથી કુમ શહેર જવાનો ઈરાદો જાહેર કર્યો અને પુછયું કે સાવા શહેરથી કુમ શહેરનું અંતર કેટલું છે ? લોકોએ આપને તે અંતર જણાવ્યું. ત્યારે આપે કહ્યું કે મને કુમ લઈ જાવ. કેમકે મેં મારા આદરણીય પિતાથી સાંભળેલું છે કે શહેર કુમ અમારા શીઆઓનું કેન્દ્ર છે. આ મહાન સન્નારીએ ફક્ત ૧૭ દિવસ આ શહેરમાં જીવન વિતાવ્યું. આ સમયગાળામાં પણ આપ ખુદાથી રાઝો-ન્યાઝની વાતો કરતાં રહ્યાં હતાં અને હમેશાં તેની ઈબાદતમાં જ પરોવાએલાં રહેતાં હતાં. છેવટે ૧૦ રબીયુસ્સાનીના દિવસે અને એક રિવાયત પ્રમાણે ૧૨ રબીયુસ્સાની સન ૨૦૧ના દિવસે પોતાના પ્રેમાળ ભાઈના પ્રકાશિત મુખાવિન્દના દર્શન વગર જ ખુબ જ શોક અને કષ્ટ વેઠયાં પછી પરદેશમાં જ આપની આંખો બંધ થઈ ગઈ. હઝરત માઅસૂમા સલા.ના પવિત્ર શરીરની દફન વિધી પછી મૂસા-બિન-ખઝરજએ એક ચટાઈની છત્રી આપની પવિત્ર કબર પર બંધાવી આપી હતી. તે પછી ઈમામ જવાદ અ.સ.ની ઔલાદમાંથી જનાબ ઝયનબએ હિજરી સન ૨૫૬માં પહેલો ગુંબદ (ઘુમ્મટ) પોતાની આ મહાન ફોઈની પવિત્ર કબર ઉપર ચણાવ્યો હતો, અને તેથી જ આ મહાન ખાતૂનની પવિત્ર કબર અહલેબૈત અ.સ.ના ચાહવાવાળાઓ અને અનુયાયીઓ માટે કિલ્લો થઈ ગઈ. જ્યાં આવીને તેઓ પોતાની શ્રધ્ધાની પુષ્પાંજલી કરવા લાગ્યાં અને ઈમામત અને વિલાયતના પ્રેમીઓ માટે આ બારગાહ એક દવાખાનું બની ગઈ કે જ્યાં આવીને આકુળ વ્યાકુળ મનને સાંત્વના મળવા લાગી. આમ મુશ્કિલ કુશાની પુત્રી લોકોની મોટીમોટી મુશ્કેલીઓ દૂર કરવા લાગ્યાં અને નિરાશ લોકોની આશાઓનું કેન્દ્ર બની ગયાં છે.



# હસો હસાવો

## ટુચકાઓ



એક અસફળ લેખકની પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે અરજીઓ લખવા લાગ્યો અને તેમાં કાબેલ બની ગયો.

એક દિવસ તેની પાસે એક વૃધ્ધ આવ્યાં અને કહ્યું કે 'મારી પરિસ્થિતિ ઘણી ખરાબ છે. આપણાં દેશના પ્રમુખશ્રીને મારી આવી પરિસ્થિતિમાં સહાય આપવા એક અરજી લખી આપો.'

તે લેખકે અરજી લખી અને તે વૃધ્ધને સંભળાવી તો તે વૃધ્ધ રડવા લાગ્યાં. લેખકે પૂછ્યું 'કાકા ! રડો છો કેમ?'

તે વૃધ્ધે કહ્યું 'તે લખેલી અરજીની વિગતો સાંભળીને રડી રહ્યો છું.' મને પણ ખબર ન હોતી કે મારી પરિસ્થિતિ આટલી બધી ખરાબ થઈ ગઈ છે.

---

એક જાડી વ્યક્તિએ એક પાતળી વ્યક્તિને કહ્યું 'તમને જોઈને તો એવું લાગે છે કે જગતમાં દુકાળ પડી ગયો છે.'

પાતળો-દુર્બળ વ્યક્તિ : અને તમને જોઈને એવું લાગે છે કે આ દુકાળનું ખરૂં કારણ તમે જ છો.

---

એક ભિખારીએ એક ઘરના બારણે જઈને કહ્યું : 'બેન ! તમારે ત્યાં ભૂખ્યા માટે ભોજન છે ?'

તે સ્ત્રી : હા છે, પરંતુ હજી સુધી એ ભૂખ્યો ઓફિસેથી પાછો નથી આવ્યો.

---

એક ખેડૂત બેંકમાં આવ્યો અને તેણે બે હજાર રૂપિયાની લોન માટે અરજી કરી.

મેનેજરે પૂછ્યું 'શું જામિન આપશો ?'

ખેડૂતે કહ્યું 'મારી પાસે ૨૪ ગાયો છે.' ખેડૂતને તે કારણે બેંકમાંથી લોન મળી ગઈ.

થોડા સમય પછી તે ખેડૂત ઘણી મોટી રકમ લઈને બેંકમાં આવ્યો અને તેમાંથી બે હજાર રૂપિયા કાઢીને પોતાની લોન ભરપાઈ કરી દીધી.

બેંક મેનેજરે કહ્યું 'આપ બાકીની રકમ પણ અમારી પાસે જ જમા કરાવી દો.'

ખેડૂતે આંખો કાઢીને કહ્યું 'તમારી પાસે જામિન તરીકે કેટલી ગાયો છે ?'



E-mail : hadimasik@yahoo.com

# માઅસૂમીન અ.સ.ની માતાઓ

## ઈમામ સજ્જાદ અ.સ.ની વાલિદએ ગિરામી
## (ઈમામ સજ્જાદ અ.સ.ના મહાન માતા)

**નામ અને વંશ :** ઉમ્મે સલ્મા - બર્રાહ - જહાન બાનું - હરાર - ખૂલા - સલીફા - સલીમા - શહરનાઝ - ગઝ્ઝાલા - ફાતેમા - મરયમ- વગેરે નામો હોવાનું વર્ણન મળે છે. પરંતુ આપણાં પ્રાચીન શીઆ પુસ્તકોમાં આપનું 'શહરબાનું' નામ મોટા પ્રમાણમાં વર્ણવવામાં આવેલ છે. તેથી શક્ય છે કે આપનું અસ્લી નામ 'શહરબાનું' હોય અને બાકીના બધાં આપના ઈલ્કાબ હોય.

**આપના પિતા :** યઝદ ગર્દ - બિન શહરયાર - બિન-શી-રવિય્યાહ-બિન-કિસરા પરવેઝ (યઝદ ગર્દ ત્રીજો છેલ્લો સાસાની સમ્રાટ)

**આપની ફઝીલતો :** આપ ઈરાનના બાદશાહની પુત્રી હોવા છતાં અને ત્યાં કોઈ હાદી ન હોવા છતાં પણ ઈસ્લામના શિક્ષણ પ્રત્યે આકર્ષણ ધરાવતાં હતાં અને ઈસ્લામ પ્રત્યે આપને ગાઢ પ્રેમ હતો અને આપ પોતાના મુલ્કની આબિદ - સાલેહ - ઘણી જ સદચારિત્ર્યવાળી (નેક) અને દાનવીર સન્નારી હતાં. ઈમામ સજ્જાદ અ.સ.ની માતા થવાનું અતિ મહાન સન્માન આપને પ્રાપ્ત થએલ છે. આપ હદીસોના રાવી પણ હતાં. (કિતાબ કુહાસા-ભા.૨-પા.૨૨૫-મામકાની ભા.૩ પા.૮૦)

ફારસના યુધ્ધ સમયે જ્યારે આપ મદીના આવ્યાં તે પહેલાં જ એક દિવસ સ્વપ્નમાં રસૂલે ઈસ્લામ સ.અ.વ. અને બીજા દિવસે સ્વપ્નમાં જ. ફાતેમા ઝહરા સલા.ને જોયાં હતાં. તેમણે બંનેએ સ્વપ્નમાં જ આપને પોતાના ફરઝન્દ ઈમામ હુસૈન અ.સ. સાથે લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો અને ઈસ્લામની સફળતાના સમાચાર આપ્યાં હતાં અને જનાબ શહરબાનુંએ તે સમયે જ જનાબ ફાતેમા ઝહરા સલા.ના હાથે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. (મબરૂજ-ભા.૨-પા.૯૩)

જ્યારે જનાબ શહરબાનુંએ ઈમામ હુસૈન અ.સ.નો લગ્ન માટે સ્વીકાર કર્યો હતો ત્યારે જનાબ અમીરૂલ મોઅમેનીન અ.સ.એ ઈમામ હુસૈન અ.સ.ને ફરમાવ્યું હતું કે 'હે વત્સ! આ દીકરી તમારા માટે સમગ્ર પૃથ્વી ઉપર સર્વશ્રેષ્ઠ હોય તેવા પુત્ર રત્નને જન્મ આપશે.' (કુલૈની - ભા.૧-પા.૪૬૬)

અને તે પ્રમાણે જ આદમે અહલેબૈત અ.સ. સૈયદે સજ્જાદ - ઝય્નુલ આબેદીન - હઝરત અલી ઈબ્નુલ હુસૈન અ.સ.ની વિલાદતે બા સઆદત સને ૩૮ હિજરીમાં આપના ઉદરેથી જ થઈ હતી.

**પવિત્ર કબર :** જન્નતુલ બકીઅ.





# માઅસૂમા અ.સ.ની કરામતો

## (૧) મુંગી છોકરી :

હુજ્જતુલ ઈસ્લામ- વલ - મુસ્લેમીન જનાબ - આકાએ ઈમામીએ લખ્યું છે કે :

૧૦ રજબ ૧૩૫૮ હિજરી અને ગુરૂવારના દિવસે ‘આબેરોસન સિતારા’ની રહેવાસી એક ૧૩ વર્ષિય છોકરી પોતાના માતા-પિતા સાથે કુમ આવી. આ છોકરી કોઈ રોગને કારણે સંપૂર્ણપણે મૂંગી થઈ ગઈ હતી. ડોક્ટરોને બતાવ્યા પછી પણ તેનો ઈલાજ થઈ શક્યો નહોતો અને જ્યારે ડોક્ટરોથી નિરાશ થઈ ગયાં ત્યારે તે લોકો તે મૂંગી છોકરીને લઈને હઝરત ફાતેમા માઅસૂમા સલા.ના હરમની શરણે આવ્યાં. બે રાત્રીઓ સુધી તે છોકરી ઝરીહની પાસે બેસી રહી અને પોતાની બેજુબાનીની જુબાન વડે ક્યારેક તો રાઝોનિયાઝની વાતો કરતી રહી અને ક્યારેક રડતી રહી. ત્રીજી રાત્રે



અચાનક હરમશરીફના તમામ દીવાઓ ઓલવાઈ ગયાં અને તે સમયે જ તે છોકરી હઝરતે માઅસૂમા સલા.ની અસીમ કૃપાની છત્રછાયામાં આવી ગઈ અને તેણે એક વિચિત્ર રીતે બૂમ પાડી જેને ત્યાંના ખાદિમો અને દર્શનાર્થીઓએ સાંભળી. બૂમ સાંભળતાં જ ત્યાં એકત્ર લોકો તેના ઉપર તુટી પડ્યાં કે તેના વસ્ત્રનો એક નાનકડો ટુકડો તબર્રુક (પ્રસાદી) તરીકે લઈ જાય. પરંતુ આ બાબતમાં સતેજ ખાદિમો તરત જ તે છોકરીને એક અન્ય ઓરડામાં લઈ ગયાં. (કે જેને કશીકખાના કહેવાય


E-mail : hadimasik@yahoo.com

છે) એટલે સુધી કે એકત્ર થએલ લોકો ઓછાં થઈ ગયાં. તે છોકરીને શું થયું હતું તે અંગે પુછવામાં આવતાં તેણે જણાવ્યું કે જ્યારે હરમના દીવાઓ ઓલવાઈ ગયાં ત્યારે મેં જીવનમાં ક્યારેય જોયો ન હોય તેવો પ્રકાશ અને નૂર ત્યાં જોયા. પછી મેં હઝરત માઅસૂમા સલા. ને જોયાં, જે ફરમાવી રહ્યાં હતાં : 'હવે તું બોલી શકે છે.' આ સાંભળીને મેં અચાનક બૂમ પાડી અને જોયું કે હું ખરેખર બોલતી થઈ ગઈ છું.'



## (૨) અતિથી સત્કારનો ખર્ચ :

આકાએ હૈદરી કાશાની ફરમાવે છે કે એક દિવસ અમારા ઘરમાં અતિથીના સત્કાર માટે કાંઈ પણ નહોતું. પરંતુ બીરજન્દ શહેરના અમારા ઓળખીતા લોકો પૈકી કેટલાંક લોકો અમારે ત્યાં પધાર્યાં. હું ચિંતામાં મુકાઈ ગયો કે શું કરૂં ? જ્યારે કાંઈ સમજ ન પડી તો હરમે માઅસૂમા સલા.માં આવી ગયો. હરમમાં દાખલ થઈને અરજ ગુજારી : 'બીબી જાન ! આપ તો અમારી પરિસ્થિતિથી સારી પેઠે વાકેફ છો ! "હું હજી આટલું જ બોલ્યો હતો કે એક સન્નારીએ મને બોલાવ્યો. તેમનો અવાજ સાંભળીને હું રોકાઈ ગયો. તેમણે મને અમુક પૈસા આપ્યાં ને કહ્યું : આ તમારા જ પૈસા છે. તે પૈસા લઈને હું આગળ જવા લાગ્યો તો તેમણે મને ફરી બોલાવ્યો અને થોડીક વધારે રકમ આપીને કહ્યું કે 'આ પણ તમારા જ પૈસા છે.' હવે મેં ઝરીહના ગુંબજ તરફ જોઈને અરજ કરી' બીબીજાન !આપનો ખુબ જ આભાર !' અને ત્યાંથી ઘરે પાછો ફર્યો અને મહેમાનોના આતિથ્ય માટેની વ્યવસ્થા કરી. જ્યારે મારી પત્નિ (કે જે મારી પરિસ્થિતિથી વાકેફ હતી) એ આ જોયું તો પૂછ્યું કે 'આ બધું ક્યાંથી લાવ્યાં ?' તો મેં કહ્યું કે 'ફાતેમા માઅસૂમા સલા.એ ઈનાયત કરેલ છે.'






# જ્ઞાનના કેન્દ્રનો અગ્યારમો દ્વાર

ઈમામ અસ્કરી અ.સ.ની વય ઘણી ટૂંકી - ફક્ત ૨૮ વરસની જ છે. પરંતુ આ અત્યંત ટુંકા અને તે પણ કઠિનાઈઓથી ભરેલા જીવનમાં પણ આપના જ્ઞાનના દરિયાઓમાંથી ઘણાં મહાન અને ઉચ્ચ દરજ્જાના વિદ્વાનોની જ્ઞાનપિપાસા પણ આપે સંતોષી હતી. તેવી જ રીતે તે યુગના તત્વજ્ઞાનીઓ કે જેઓ દેહરિયત (ભૌતિકવાદ) અને નાસ્તિકતાનો પ્રચાર કરતાં હતાં તેમની સાથે વાદવિવાદના મુકાબલા કર્યા અને તેમાં આપને હમેશાં ઝળહળતી સફળતા મળી હતી. આવી સફળતાના અનેક પ્રસંગો વર્ણવવામાં આવ્યાં છે. તેમાંથી એક ઈસ્હાક-નિ-કન્દીનો પ્રસંગ છે. તે પ્રસંગ એવો છે કે ઈસ્હાક-બિન-કન્દી નામનો એક વ્યક્તિ કુરઆન મજીદની આયતોના એક-બીજા સાથેના વિરોધાભાસ અંગે એક પુસ્તક લખી રહ્યો હતો. આ સમાચાર ઈમામ હસન અસ્કરી અ.સ. સુધી પણ પહોંચી ગયા અને આપ આ બાબતમાં કાંઈ કરવા તક શોધવા લાગ્યા. થયું એવું કે એક દિવસ અબૂ ઈસ્હાકના કેટલાંક વિધાર્થીઓ આપ અ.સ.ની સેવામાં હાજર થયાં. આપ અ.સ.એ ફરમાવ્યું : 'તમારામાંથી કોઈ એવો સમજદાર વ્યક્તિ છે જે પોતાના ગુરૂને તેણે આ જે બિન ઉપયોગી કાર્ય આદર્યું છે તેનાથી અટકાવે.' જે એણે કુરઆન વિશે શરૂ કર્યું છે ?' તે શિષ્યોએ કહ્યું કે 'હુજૂર ! અમે તો તેના શિષ્યો છીએ. અમે તેની ટીકા કેવી રીતે કરી શકીએ ?'



હઝરત અ.સ.એ ફરમાવ્યું 'તમે એટલું તો કરી શકો જ ને કે જે કાંઈ હું તમને સમજાવું, તે વાતો તમે તેની સામે પણ મૂકી દો.' શિષ્યોએ કહ્યું 'હાં ! આટલું તો જરૂર કરી શકીએ ?' હઝરત અ.સ.એ કુરઆનની કેટલીક આયતો કે જેમના

અર્થમાં એક-બીજા વચ્ચે વિરોધાભાસ હોવાનો ભાસ થતો હતો તે તેમની સામે પેશ કરીને કહ્યું કે તમે પોતાના ગુરૂને ફક્ત એટલું પૂછો કે આ શબ્દોનો ફક્ત એ એક જ અર્થ છે કે આ શબ્દોના તેવા અર્થઘટન વડે તે આયતોમાં વિરોધાભાસ સાબિત કરી રહ્યો છે. પરંતુ અરબી ભાષાની સાબીતીયો ઉપર - અન્ય ઉદાહરણો ઉપરથી - આ શબ્દોના અન્ય અર્થઘટન પણ મળી આવે કે જે જોતાં કુરઆનના શબ્દો - કુરઆનની આયતોમાં કોઈ વિરોધાભાસ ન રહે. તો પછી તેને પોતાની વિચારધારા પ્રમાણે પોતે જ પોતાની રીતે કરેલ અર્થઘટનને કુરઆનની વાણી ઉચ્ચારનાર (એટલે કે અલ્લાહ તબારક-વ-તઆલા) સાથે જોડી દઈને તેના ઉપર કુરઆનની આયતોના વિરોધાભાષી અર્થોની ઈમારત ઉભી કરવાનો કોઈ અધિકાર રહેતો નથી. તે પછી આ વિષય સંબંધે અરબી ભાષામાંથી પણ કેટલીક સાબિતીઓ તેમને સમજાવી. ચતુર શિષ્યોએ તે સંપૂર્ણ વાર્તાલાપ અને સાબિતીઓના સંદર્ભો પોતાની યાદશક્તિમાં સુરક્ષિત કરી લીધાં અને પોતાના ગુરૂ પાસે જઈને પહેલાં તો આડી-અવળી વાતો કરીને તે તમામ પ્રશ્નો પોતાના ગુરૂ સમક્ષ મૂકી દીધાં. અબુ ઈસ્હાક એક ન્યાયપ્રિય અને વિશાળ વિચારધારા ધરાવતો હતો. તેણે પોતાના શિષ્ય પાસેથી આ બધી વાતો સાંભળી અને કહ્યું 'આ બધી વાતો તારી કાબેલિયતથી બહારની બાબતો છે. તું સાચેસાચ બતાવ કે તે આ બધી વાતો ક્યાંથી જાણી છે ?' પહેલાં તો તે શિષ્યે તે હકીકત છુપાવવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું કે આ બાબતો સ્વયં મારા મનમાં ઉદ્‌ભવી છે. પરંતુ ગુરૂએ જ્યારે સખ્તાઈપૂર્વક પુછપરછ કરી તો તે ટકી શક્યો નહીં. અને કહ્યું કે અમને આ વાતો અબૂ મુહમ્મદ હસન અસ્કરી અ.સ.એ જણાવી છે.' આ સાંભળીને અબૂ ઈસ્હાકે કહ્યું કે 'આ ઘરાના (અહલેબૈત અ.સ.) સિવાય બીજા કોઈને આ જાણકારી હોઈ શકતી જ નથી.' તે પછી તેણે આગ મંગાવી અને પોતે આ બાબતમાં જે કાંઈ પણ લખ્યું હતું તે બાળી મૂક્યું.



# બાળકોની ડાયરી

વહાલા બાળકો,
આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**






**ભીમાણી કોમેલ અબ્બાસ,**
કાજી ફળિયા, હલીમસા રોડ, અંકલેશ્વર, જી. ભરૂચ.




**ભોજાણી મોહંમદ અબ્બાસ,**
કાજી ફળિયા, હલીમસા રોડ, અંકલેશ્વર, જી. ભરૂચ.



**સુંદરાણી સૈયદા નિસારઅલી,**
જીવાબાવાનો ચોક, મોચી જ્ઞાતીવાડી પાસે, રાજુલા.




**રૂપાણી મહંમદ અબ્બાસ દિલાવરહુસૈન,**
ગાયના ગોદરે, રાજુલા.



E-mail : hadimasik@yahoo.com

# અણમોલ મોતી

## અલ્લાહની રહેમત (કૃપા-દયા)

*'અને તે એજ (અલ્લાહ) છે જે પવન ને સારા સમાચાર તરીકે પોતાની રહેમત (દયા-કૃપા) થી આગળ મોકલે છે. એટલે સુધી કે તે (પવન) ભારે વાદળોને ઉપાડી લે છે. ત્યારે અમે તેને કોઈ મરી ગએલી (તદ્દન સૂકી ભટ) જમીનની તરફ હાંકી કાઢીએ છીએ. પછી વાદળામાંથી વરસાદ વરસાવીને અમે તેમાંથી (તે તદ્દન સુકાઈ ગએલી જમીનમાંથી) જાતજાતના ફળો પેદા કરીએ છીએ. તેવી જ રીતે અમે મડદાઓને પણ (જમીનમાંથી) કાઢીશું - (આ એટલા માટે વર્ણવવામાં આવે છે) કે જેથી કરીને તમે બોધ-પાઠ મેળવો.'*

(સૂરએ-અઅરાફ-આયત ૫૭)

### દગો - લડાઈ - ઝઘડો ન ફેલાવો :

પોતાના રબની બારગાહમાં અત્યંત દરિદ્રતા અને શાંતિપૂર્વક દુઆ ગુજારો. નિઃશંકપણે તે હદ વટાવી જવાવાળાઓને મિત્ર નથી રાખતો (પ્રેમ નથી કરતો) અને તમે પૃથ્વી ઉપર સુધારણાં પછી (શાંતિની સ્થાપના પછી) લડાઈ - દંગો ન ફેલાવો અને અલ્લાહની બીક રાખીને તેના પ્રત્યે આશા રાખીને તેને પોકારો અલ્લાહની રહેમત (દયા - કૃપા) નિઃશંકપણે સદ્કાર્યો (નેકી) કરવાવાળાઓની સમીપ જ હોય છે.

(સૂરએ અઅરાફ-આયત-૫૫-૫૬)

### જન્નત (સ્વર્ગ) વાળા લોકો :

(૧) અને ઈમાન લાવવાવાળાઓ અને સદ્કાર્યો કરવાવાળાઓ જન્નતવાળાઓ છે. જ્યાં તેઓ હમેશાં રહેશે. અમે કોઈને (સદ્કાર્યો કરવામાં) તેની શક્તિથી વધારે જવાબદાર ઠેરવતાં નથી.

(સૂરએ અઅરાફ-આયત-૪૨)

(૨) જેમણે અમારી આયતો જુઠલાવી છે અને અભિમાન કર્યું છે તેમના માટે આકાશના દ્વાર ઉઘાડવામાં આવશે નહીં અને તેમનું જન્નતમાં જવું એટલું જ અશક્ય છે જેટલું સોયના કાણાંમાંથી ઊંટનું પસાર થઈ જવું અને અમે આ અપરાધીઓને આવી જ શિક્ષા કરીએ છીએ અને તેમના માટે જહન્નમ જ પાથરણું અને ઓઢવાનું હશે અને અમે અત્યાચારીઓને આવો જ બદલો આપીએ છીએ.

(સૂરએ અઅરાફ-આયત-૪૦-૪૧)

### બમણો અઝાબ :

અલ્લાહ ફરમાવવા લાગ્યો : તમે લોકો જિન્નાત અને મનુષ્યની એ જાતિઓ (કોમ)ની સાથે દાખલ થઈ જાવ જે તમારાથી પહેલા જહન્નમમાં ચાલી ગએલ છે. જ્યારે પણ કોઈ સમૂહ (જમાત) જહન્નમમાં પ્રવેશ કરશે ત્યારે તે પોતાની સરખી વિચારસરણીવાળા સમૂહો ઉપર લાનત મોકલશે. એટલે સુધી કે ત્યાં (જહન્નમમાં) એ બધાં એકત્ર થઈ જશે તો પાછળથી આવનાર સમૂહ પોતાનાથી પહેલા આવનાર સમૂહની બાબતે કહેશે : હે અમારા રબ ! એ લોકોએ અમને ગુમરાહ (મતી ભ્રષ્ટ) કર્યા હતાં. તેથી તેમને જહન્નમમાં બમણો અઝાબ આપ. અલ્લાહ ફરમાવશે 'બધાંને બમણો જ (અઝાબ) મળશે પરંતુ તમે તે નથી જાણતાં.'

(સૂરએ અઅરાફ-આયત-૩૮)



# અમારા પ્રશ્નો - આપના જવાબો

પ્રશ્ન-૧ : કુમ શહેરમાં દફન છે તે ઈમામ રઝા અ.સ.ની બહેનનું નામ શું છે ?
(અ) ફાતેમા (બ) ઝયનબ (ક) કુલસૂમ (ડ) મૈમૂના

પ્રશ્ન-૨ : ઈમામ રઝા અ.સ.ની બહેન કુમમાં ક્યારે શહીદ થયાં હતાં ?
(અ) સને ૨૩૨ હિજરી (બ) સને ૨૦૩ હિજરી (ક) સને ૨૦૧ હિજરી
(ડ) સને ૨૨૦ હિજરી

પ્રશ્ન-૩: ઈમામ હસન અસ્કરી અ.સ.ની વિલાદત કયા સને હિજરીમાં થઈ હતી ?
(અ) સને ૨૩૨ હિજરી (બ) સને ૨૦૩ હિજરી (ક) સને ૫૦ હિજરી
(ડ) સને ૨૨૦ હિજરી

પ્રશ્ન-૪: ઈમામ અસ્કરી અ.સ.એ પોતાના કાળમાં કયા વિષય અંગે લખવામાં આવતાં પુસ્તકનો જવાબ આપ્યો હતો ?
(અ) રસૂલ અ.સ. ના વિરોધાભાસ વિષયે (બ) શાસનના વિરોધાભાસ વિષયે
(ક) ઈસ્લામના વિરોધાભાસ વિષયે (ડ) કુરઆનની આયતોના વિરોધાભાસ વિષયે

પ્રશ્ન-૫: જનાબ મુખ્તારે બંડ પોકાર્યો હતો તેનું કારણ શું હતું ?
(અ) ઈમામ હુસૈન અ.સ.ના ખૂનનો બદલો લેવા માટે (બ) શાસન મેળવવા માટે
(ક) અહલેબૈત અ.સ.ની પ્રસન્નતા મેળવવા માટે (ડ) (અ) અને (ક) બંને સાચા

પ્રશ્ન-૬: જનાબ મુખ્તારના પિતા કયા યુધ્ધમાં ઈસ્લામ કાજે ખપી ગયાં હતાં ?
(અ) ફારસનું યુધ્ધ (બ) ખયબરનું યુધ્ધ (ક) બદરનું યુધ્ધ (ડ) કરબલાનું યુધ્ધ

પ્રશ્ન-૭: ઈમામ હસન અસ્કરી અ.સ.ની કુલ વય કેટલી થઈ હતી ?
(અ) ૨૦ વરસ (બ) ૩૦ વરસ (ક) ૧૮ વરસ (ડ) ૨૮ વરસ

પ્રશ્ન-૮: ઈમામે રઝા અ.સ.ના બુરખો પહેરનાર (નકાબ/બુકાનીધારી) ફરઝન્દનું નામ શું હતું ?
(અ) અબુલ ફઝલ (બ) મૂસા ખલીલ (ક) મુસા મુબરકાઅ (ડ) હાશિમ જાઅફરી

પ્રશ્ન-૯: ઈમામ અસ્કરી અ.સ.નું અસલી નામ શું હતું ?
(અ) મુહમ્મદ (બ) હસન (ક) અસ્કરી (ડ) જવાદ

પ્રશ્ન-૧૦: ઈમામ અસ્કરી અ.સ.ની વાલિદાનું નામ શું હતું ?
(અ) સલીલ (બ) હદીસ (ક) સમાના (ડ) (અ) અને (બ) બંને સાચા


E-mail : hadimasik@yahoo.com

# આયાતે અહકામ

## તહારત - (પાક હોવું તે)

(૧) વ-ઈઝિબ્તલા ઈબ્રાહીમા રબ્બોહૂ-બેકલેમાતિન-ફ અતમ્મહુન્ના.......(બકરહ-૧૨૪)

'પરવરદિગારે ઈબ્રાહીમની કેટલાંક કલેમાત (તહારતના ઉસૂલ અંગેના) વડે પરીક્ષા લીધી અને તેમણે તેને (સફળતાપૂર્વક) પૂરી કરી.'

(૨) યા અય્યોહલ્લઝીના આમનૂ કુલૂ મિન તય્યેબાતે મા રઝકનાકુમ.....(બકરહ-૧૭૨)

'હે ઈમાન લાવવાવાળાઓ ! અમે આપેલા પવિત્ર રિઝકને વાપરો'

(૩) ઈન્નમા હુર્રમા અલ્યકોમુલ મયતતા-વદ્દમા-વ-લહયલ-ખિનઝીરે.....(બકરહ-૧૭૩)

'તમારી માટે મૃત (મુર્દા)-રક્ત- અને સુવ્વર (ડુક્કર)ના માંસને હરામ(અપવિત્ર) કરી દેવામાં આવેલ છે.'

(૪) યસ્અલૂનકા અનિલખમ્રે વલ મય્સરે કુલ ફીહેમા ઈસ્મુન કબીરૂન....(બકરહ-૨૧૯)

'આ લોકો શરાબ અને જુગાર વિશે પ્રશ્નો પુછે છે તો (હે નબી સ.અ.વ.) એમને કહી દો કે તેમાં ઘણો મોટો ગુનાહ (રજસ) સમાયેલો છે.'

(૫) વલા તકરબૂ હુન્ના હત્તા યત્હુરના.................................(બકરહ-૨૨૨)

'અને સ્ત્રીઓ સાથે ત્યાં સુધી મુકારેબત (સ્ત્રી સંગ) ન કરો જ્યાં સુધી (તેઓ) માસિક ધર્મ (હયઝ) થી પાક (પવિત્ર) ન થઈ જાય.'

(૬) વલા જોનોબન ઈલ્લાઆબેરી સબીબિન હત્તા તગ્તસેલૂ..............(નિસાઅ-૪૩)

'જનાબતની હાલતમાં (કોઈપણ રીતે વિર્યસ્ખલન થઈ જાય તે પછી ગુસ્લે વાજિબ કરીને પાક ન થઈ ગયાં હોવ ત્યાં સુધી) મસ્જિદમાંથી (તમો) ફક્ત પસાર થઈ શકો છો, કે જ્યાં સુધી તમે ગુસ્લ (ગુસ્લે વાજિબ) ન કરી લો.'

(૭) ઈઝા કુમ તુમ ઈલસ્સલાતે ફગસેલૂ વુજૂહોકુમ-વ-અય્દેયકુમ.......................(માએદાહ-૬)

નમાઝ માટે ઉભા થાવ ત્યારે (પ્રથમ) મોઢા અને હાથોને ધૂવો (વઝૂ કરો)

(૮) ઈન્નમલ ખમ્રો વલ્મય્સેરો વલ અન્સીબો વલ્અઝલામો રિજસુન.........(માએદાહ-૯૦)

શરાબ-જુગાર-પાસાઓ (ના ખેલ) એ તમામ રિજસ છે.



# શીખવા જેવી વાતો

## સોનેરી વાક્યો

- માતા પૃથ્વી પર અવતરેલ અલ્લાહતઆલાનો અનમોલ ખજાનો છે.
- માતા આશા પણ છે, ઉમ્મીદ પણ છે, માતા પ્રેમનો પ્રકાશિત દીવો પણ છે.
- માતા પોતાના પ્રેમની સુંગધથી પોતાના સંતાનોનો ઉછેર કરે છે.
- માતા પ્રેમ અને સ્નેહનો વરસાદ વરસાવીને પોતાના સંતાનોની તરસ છિપાવે છે.
- માતા હૃદયની ટાઢક છે, આંખોનો પ્રકાશ છે અને મનની પ્રફુલ્લતા છે.
- એ ઘર કે જેમાં માતા ન હોય ત્યાં દુઃખ - દરદ જ હોય છે.
- માતાના પગ તળે સ્વર્ગ (જન્નત) છે.
- માતા વગર ઘર એક કબ્રસ્તાન સમાન હોય છે.
- માતાનો ખોળો મનુષ્યની પ્રથમ પાઠશાળા હોય છે.
- માતાની આજ્ઞાઓનો વિરોધ કરનાર જન્નતમાં નહીં જાય.
- માતાનો શ્રાપ (બદદુઆ) અર્શને (આકાશ) હચમચાવી મૂકે છે.
- માતા જગતની સર્વથી પ્રિય હસ્તી છે.
- માતા વગર સૃષ્ટિ અધૂરી છે.
- માતા જન્નતનું બીજું નામ છે.
- માતાની આજ્ઞાઓનું પાલન ન કરવું તે મોટા ગુનાહો (કબીરા ગુનાહો)માં પણ મોટો ગુનાહ છે.

# ખુદા શિનાસી

## (ખુદાને ઓળખો)

*'જો આકાશ અને પૃથ્વીમાં એક ખુદા ઉપરાંત પણ ખુદા હોત (એટલે કે એક કરતાં વધારે ખુદાઓ હોત) તો આકાશ અને પૃથ્વી બરબાદ થઈ જતાં.' (સૂરએ અંબિયા આ. ૨૨)*

**હાદી** : ગુરૂજી ! તો પછી આ બધાં કામો કરવા માટે અનેક ખુદાઓ હશે ?

**ગુરૂજી** : ના - મારા બુધ્ધીશાળી શિષ્ય, એવું નથી. ખુદા તો એક જ છે પરંતુ તેણે આ કામોની જવાબદારી જુદી જુદી વહેંચી દીધી છે. મારા વહાલા બાળક ! તમે જુઓ છો કે શાળામાં પ્રિન્સીપલ તો એક જ હોય છે પરંતુ કામ તો શાળાની તમામ શિક્ષિકાઓ / શિક્ષકો કરે છે અને શાળાના બીજા લોકો પણ કામ કરતાં જ હોય છે. તમે કલ્પના કરો કે એક શાળામાં બે પ્રિન્સીપલ હોય તો તેમાંથી કોઈ એક શિક્ષકને કહેશે કે તમારે આ ભણાવવાનું છે અને બીજા પ્રિન્સીપલ તે જ શિક્ષકને કહેશે કે તમારે તો આ બીજા વર્ગમાં ભણાવવાનું છે. હવે તમે જ કહો કે શિક્ષક તો એક જ છે અને તેને આજ્ઞા બે તરફથી મળે છે. બંને પ્રિન્સીપલ છે. હોદ્દાની રૂએ બંને સરખાં છે. હવે તે શિક્ષક તે બે પૈકી એકની આજ્ઞાનું પાલન કરે તો બીજાની આજ્ઞાનું ઉલ્લંઘન થશે અને બંનેની આજ્ઞાનું પાલન ન કરે તો બંને વર્ગોમાં શિક્ષણ કાર્ય થશે જ નહીં. એવી જ રીતે જો બે ખુદા હોત તો તે બંનેની જુદી - જુદી આજ્ઞાઓનું પાલન કરવામાં ઉપર વર્ણવી છે તેવી જ મુશ્કેલી ઉભી થાત. એક ખુદાની આજ્ઞા થતી કે વરસાદ વરસાવ - તો બીજા ખુદાની આજ્ઞા હોત કે સૂર્ય નીકળે. એક કહેતો રાત થવી જોઈએ. બીજો કહેત કે દિવસ થવો જોઈએ. આમ એકબીજાથી વિપરીત આજ્ઞાઓને કારણે ન તો સૂરજ નીકળી શકે - કે ન તો વરસાદ વરસી શકે - ન તો રાત થઈ શકે કે ન તો દિવસ થઈ શકે. પરિણામે આ જગત-આ સૃષ્ટિ તબાહ - બરબાદ થઈ જાત. તેથી મારા વહાલા વત્સ ! ખુદાનું એક અને એક માત્ર હોવું અનિવાર્ય છે. હા, તેણે દુન્યાના સંચાલનની જુદી જુદી જવાબદારીઓ પોતે પેદા કરેલ જુદી જુદી વ્યક્તિઓમાં વહેંચી દીધી છે. હાકેમ એક જ છે. હુકમોનું પાલન કરનાર જુદા - જુદા છે. કોઈ વરસાદ વરસાવે છે. - તો કોઈ સૂર્યને કાઢે છે. કોઈ રૂહ કબ્ઝ કરે છે તો કોઈ જીવન આપે છે તેવી જ રીતે આપણાં માર્ગદર્શન માટે પણ જુદા જુદા યુગોમાં જુદી જુદી વ્યવસ્થા કરી છે. ક્યારેક નબીને મોકલ્યાં તો ક્યારેક ઈમામને અને કોઈ કારણવશ ઈમામની ગયબતમાં ઉલેમાઓને આપણાં માર્ગદર્શન માટે મોકલ્યાં છે પરંતુ કાયદો - બંધારણ તો એક જ છે અને હાકેમ પણ એક જ છે.

# પત્રાવલી

**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**


તા-10/2/2020

કોમેલ અબ્બાસ



નીલમબેન દિલાવરભાઈ દોઢિયા,
જીવાબાવા ચોક, ખોજા સોસાયટી, રાજુલા.


786 92 110

મોહંમદ અબ્બાસ



જામાણી સલમા,
જીવાબાવાનો ચોક, લાખા સોનીની શેરી,
રાજુલા.



ઈસ્મત ફાતેમા નૌશાદઅલી,
ઉ.વર્ષ-૪, રોજો ૨૧મો.



# સાચા જવાબો

**વહાલા બાળકો !**

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧ : કયા પ્રસંગ ઉપરથી સન હીજરીનો પાયો નંખાયો હતો ?
(બ) હિજરતે ઈમામ હુસૈન અ.સ.

પ્રશ્ન-૨ : હિજરતની રાત્રીએ કોણે પોતાના "નફસ"ને ખુદાના હાથે વેચી દીધો હતો ?
(ડ) ઈમામ અલી અ.સ.

પ્રશ્ન-3 : રસૂલ સ.અ.વ.નો જનાઝો કેટલા દિવસો સુધી દફન થયા વગર રહ્યો હતો ?
(અ) 3

પ્રશ્ન-૪ : હિજરતની રાત્રીએ નબીયે અકરમ સ.અ.વ. કઈ ગૂફા (ગાર)માં રહ્યાં હતાં ?
(બ) ગારે સૂર

પ્રશ્ન-૫ : ફાતેમા ઝહેરા સલા.ના ઉદરમાં કયા બાળકની શહાદત થઈ ગઈ હતી ?
(ક) મોહસિન

પ્રશ્ન-૬ : ઈમામે ઝમાના અજ. કયા સનમાં ગયબત થઈ ગયા હતાં ?
(ડ) સન ૨૬૦ હિજરી

પ્રશ્ન-૭ : અગ્યારમા ઈમામ અ.સ.ની નમાઝે જનાઝા કોણે પઢાવી હતી ?
(ક) ઈમામે ઝમાના અજ.

પ્રશ્ન-૮ : મોઅતમદ અબ્બાસીએ કયા ઈમામને ઝેર આપ્યું હતું ?
(અ) ઈમામ અસ્કરી અ.સ.

પ્રશ્ન-૯ : ઈદે ઝહરા સલા. કયા દિવસે મનાવવામાં આવે છે ?
(અ) ૯મી રબીઉલ અવ્વલ

પ્રશ્ન-૧૦: માહે રબીઉલ અવ્વલની ૧૦મી તારીખની મોટી ખુશાલીઓ કઈ કઈ છે ?
(બ) વિલાયતે ઈમામે ઝમાનાનો પ્રથમ દિવસ

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોન: ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**




# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

